# 'આટાનો સૂરજ' વિશે | શરીફા વીજળીવાળા

[**'આટાનો સૂરજ'** : રતિલાલ 'અનિલ' કંકાવટી પ્રકાશન, સુરત, પ્ર.આ. ૨૦૦૨, કિં. રૂ. ૧૫૦]

આમ તો ઘણું મોડું થયું છે 'અનિલ'ને પોંખવામાં. પણ ભલે મોડી તો મોડી પણ અનિલના જીવતેજીવ રાજ્ય સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે એમના સાહિત્યિક પ્રદાનની નોંધ લેવાઈ એનો 'અનિલ'ના ચાહકોને જ નહીં પણ સાહિત્યના સર્વ ભાવકોના હૈયે અતિ આનંદ હોવાનો જ. 'અનિલ'ની સર્જનયાત્રા વિશે વિચારીએ ત્યારે એક વાત સાથે સંમત થવું જ પડે કે સર્જક જન્મે, બને નહીં. બે ધોરણ જેટલું અલ્પશિક્ષણ, આઠ વર્ષની ઉંમરે આખા કુટુંબનો ભાર ખેંચતા થઈ ગયેલા અનિલ જરીના કારખાને જોતરાયા. જરીકામની કાળી મજૂરી કરતો આ માણસ જીવનની પાઠશાળામાં ઘડાયો છે. એમની જીવનયાત્રામાં મુખ્ય ત્રણ વળાંક કે પડાવ જે કહો તે : ૧૯૪૨ની લડત દરમ્યાન છ મહિનાનો જેલવાસ, 'પ્યારા બાપુ'ના સંપાદન નિમિત્તે પાંચ વર્ષનો ગિરનારવાસ અને પછીથી ગઝલકારોનો સહવાસ... જેલવાસ દરમ્યાન વિદ્વાનોને સાંભળ્યા, ઘણું બધું વાંચ્યું-વિચાર્યું અને જાણે કે ત્રીજું નેત્ર ખૂલી ગયું. નવનવોન્મેષશાલિની પ્રજ્ઞાએ ત્રીજું નેત્ર ખોલ્યું એ પછી અનિલે પાછું વળીને જોયું જ નથી. આપબળે ઘડાયેલા આ માણસ માટે 'તું જ તારા દિલનો દીવો થા...'વાળી વાત સાવ સાચી છે. ગુજરાતી ગઝલની એમણે કરેલી શાસ્ત્રીય ચર્ચાઓની કોઈ વિગતે જોશે ત્યારે કિંમત થશે. ગુજરાતી ગઝલનો અનિલ જીવતોજાગતો ઇતિહાસ છે એવું કહેવામાં જેને અતિશયોક્તિ લાગતી હોય તેણે 'સફરના સાથી' પુસ્તક જોવું. કટોકટીભરી આર્થિક, શારીરિક અને માનસિક હાલતમાં અનિલે 'કંકાવટી' જેવા શુદ્ધ સાહિત્યિક સામયિકને લગાતાર ૪૨ વર્ષ સુધી નિયમિતપણે ચલાવ્યું એ ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વની અભૂતપૂર્વ ઘટના છે. અનાયાસપણે, 'નિબંધ લખું છું' એવી સભાનતા વગર લખાયેલા 'અનિલ'ના નિબંધો જ્યારે રાષ્ટ્રીય સ્તરે પોંખાયા ત્યારે પુરસ્કારો પરનો ઊઠી ગયેલો ભરોસો વળી જાગ્યો છે એવું કબૂલવું ગમે.

છેલ્લા બે-ત્રણ દાયકાથી ગુજરાતી નિબંધ લપટી પડી ગયેલી શૈલીએ અને લાધી ગયેલી હથોટીના પરિપાકરૂપે ચવાઈ ગયેલા વિષયો અને સૂત્રાત્મક શબ્દોના સાથિયા વચ્ચે બંધિયાર બનતો જતો હતો. એકરંગી અને એકાંગી બનતા જતા ગુજરાતી નિબંધ વચ્ચે સાવ નોખી અને નરવી મુદ્રા ધરાવતા અનિલના નિબંધો છેલ્લાં પંદરેક વર્ષથી ધ્યાન ખેંચતા હતા પણ રાષ્ટ્રીય સ્તરે પોંખાયેલા આ નિબંધકાર તરફ કોઈ ગુજરાતી ઇનામોની નજર નથી પડી એ હકીકત છે. 'આટાનો સૂરજ'માં જે ૬૦ નિબંધો છે તે સાવ અનાયાસે ભેળા મુકાયેલા છે તેની હું સાક્ષી પણ છું અને સહભાગી પણ છું. અનિલના અસંખ્ય નિબંધોમાંથી સૂઝપૂર્વક પસંદગી થઈ હોત તો અહીં બે-ચાર જગ્યાએ પુનરાવર્તન કઠે છે તે ટાળી શકાયું હોત. પણ અનાયાસે સાથે મુકાયેલા આ નિબંધોમાં એક નોખા-અનોખા નિબંધકારની આગવી સર્જકમુદ્રા તો ઊઘડે જ છે. અનિલ ભલે કાલેલકર કે સુરેશ જોશીના ગદ્યના પ્રેમી હોય પણ એમના ગદ્યની નિજી મુદ્રા છે 'ચાંદરણાં'માં ઘૂંટાઈને ઘટ્ટ બનેલું ગદ્ય 'અનિલ'ના નિબંધોને લાઘવ બક્ષે છે. એટલે જ અનિલના કોઈ નિબંધ ભાગ્યે જ બે-સવાબે પાનાંથી લાંબા છે.

અનિલના નિબંધોમાં અતીતરાગ છે પણ એ રંગરાગી અતીતરાગ નથી. અહીં ઝીણી નજરે જે કંતાયું છે એમાં ધીરે ધીરે અદશ્ય થતું જતું પદાર્થજગત, સંબંધોની હૂંફથી ભર્યું ભર્યું લાગતું નગરજીવન છે. તેની શેરીઓ, ઉત્સવો, રીતરિવાજો, મોજમજા, ઉજાણીઓ અને મેળાઓ છે. ઘોડિયાં ઘડતા ખરાદી, ચૂડીગર, તાંત પર રૂ પીંજતો પીંજારો, કલાઈવાળો, મોચી કે દરજીથી એક જમાનામાં ધબકતું જીવન છે, પણ હવે આ બધું કાળની ગર્તામાં ખોવાઈ ગયું છે, દટાઈ ગયું છે. એ કડાની ખીચડી, શીળી સાતમના તેલિયા પકવાનો, નોળિયાનોમ આઠમની પંચજીરી... આ બધાને શોધતા અનિલને હવે 'સંદર્ભો ખરી પડતા ઉત્સવો પણ પાનખરના વૃક્ષો જેવા બોડા' લાગે છે. (૧૦૦). આ નિબંધોમાં ભરપૂર જિવાયેલું પણ હવે ખોવાઈ ગયેલા જીવનનું ઝીણી નજરે થયેલું નકશીકામ છે. જરીકામના આ કારીગરે ગદ્યનું પોત પણ એટલી જ કાળજીથી વણ્યું છે. તાણો ને વાણો... એક પણ તાર ન તૂટવો જોઈએ, ન ખેંચાવો જોઈએ એની અનાયાસ કાળજી લેવાઈ છે એટલે આ રેશમ જેવા ગદ્યની નિજીમુદ્રા આપણા મન પર કાયમી સુંવાળપ છોડતી જાય છે. બદલાતા જીવનરંગોને એક તટસ્થ દ્રષ્ટાની જેમ જોતા અનિલ વિગત અને વર્તમાનને બાજુ પર મૂકી આપે છે ત્યારે એક ધબકતું, ભરપૂર જીવન ખોવાઈ ગયાની પીડા એમના એકલાની નથી રહેતી, પણ આપણા બધાની બની જાય છે. અનિલના નિબંધોમાં ભાવકની સંડોવણી છે પણ આ સંડોવણી ભાવક સાથે ગોઠડી માંડી હોય એ પ્રકારની નથી. અહીં તો ભાવક પણ પોતાના આંતરમનમાં ડૂબકી મારી જાય, પોતાના ખોવાઈ ગયેલા જગતની પાછળ નીકળી પડે એ પ્રકારે થયેલી જાત સાથેની વાત છે. આમ તો દરેકનું 'ખોવાવું' પોતીકું હોય, પણ મારી-તમારી – અનિલની પેઢીનું ખોવાવું ઘણે અંશે સરખું છે એટલે જ અનિલનો વિષાદ આપણને ઘેરી વળે છે, એમની પીડાને આપણે પોતીકી પીડા તરીકે સંવેદી શકીએ છીએ. જાત સાથેની આ યાત્રા જ આપણા સૌની સાચી યાત્રા હોય છે. જૂનાં ઘર, જૂની શેરી, નેવાની ધાર, ડામચિયાં, શાળાની પરસાળ, ...અનાયાસ થતી માનસયાત્રા જ આપણાં ખરાં કાશી, વૃંદાવન ને હરદ્વાર હોવાનાં કારણ કે આ પવિત્ર, અણબોટ્યાં સ્થળોની યાત્રા આપણા સિવાય બીજા કોઈ માટે શક્ય જ નથી હોતી.

એક સાંધે ત્યાં તેર તૂટે જેવી આર્થિક પરિસ્થિતિ સામે શીંગડાં ભરાવી, ભીંતમાં માથું અફાળી માર્ગ કાઢતા અનિલે આઠ વર્ષની ઉંમરે નિશાળ છોડી જીવનની પાઠશાળામાં દાખલો લઈ લીધો હતો. જિંદગીનો બોજો વેંઢારતા વેંઢારતા પણ જિંદગીની ભરપૂર મોજ લૂંટી છે, મોજમજા કરી છે, કેરીગાળા માણ્યા છે ને રસના ચટાકા લીધા છે. અનિલ જરાય શુષ્ક જિંદગી નથી જીવ્યા પણ ભરપૂર જીવ્યા છે એ એમના પંચેન્દ્રિયથી ઝિલાયેલા અનુભવજગત પરથી પામી શકાય છે. અનિલનો આટાનો સૂરજ કલાકારના ટાંકણાથી નહીં પણ માના વહાલભર્યા થપથપાટથી આકાર ધારણ કરે છે. જીવનનું બળ આપતો આ સૂરજ અનિલને મનુષ્યલોકથી છેક ઈશ્વર સુધી લઈ જાય છે ત્યારે આ નિબંધ વ્યક્તિકેન્દ્રી નથી રહેતો : 'મારી મા આટાનો સૂરજ બે હથેળી વચ્ચે ઘડતી, હા, આટાનો સૂરજ ! સફેદ સફેદ, ગોળ ગોળ અને હું જોયા કરતો એ લથબથ આટાનો સૂરજ, એ બે હાથ વચ્ચે ફરતો, ઘડાતો અને ગોળ ગોળ બનતો... હાથના એ થપથપાટમાં માતાનું વહાલ હતું. જ્યારે એ ઘડાતો ત્યારે લાગતું આજે જરૂર સૂરજ ઊગ્યો છે. ... દિવસ ઊગ્યાની જાણ ત્યારે આ શિશુને મારી મા આટાનો સફેદ સફેદ સૂરજ ઘડતી ત્યારે થતી... અમે દીવાના અજવાળે જોતાં તો કેટલું મોડે શીખ્યા ! અમને તો ચૂલો ઊગે ત્યારે દિવસ ઊગવાનો એવું લાગતું... માણસનો સૂરજ ઊગ્યો એની માએ બંને હાથે આટાનો

સૂરજ ઘઢવા માંડ્યો ત્યારથી. ...તે પહેલાં તો પેલા પશુ જેમ આમતેમ હડી કાઢી, ઝપટી, ઝાપટ મારી કંઈ ખાઈ લેતા. એ આદિમ લોક હતો, આ મારો લોક... માએ આટાનો સૂરજ ઘડવા માંડ્યો ત્યારે મનુષ્યલોક બન્યો.. ઘડાતા સૂરજને અમે કોઈ વિસ્મયથી નહિ, આશાથી નહિ, પણ બસ જોઈ રહેતા... અમે મંદિર બંધાતું હતું ત્યારે ઘડાતા ઈશ્વરને પણ જોયો હતો.' (૦૧). જીવન આપતી મા, જીવનની ઊર્જા આપતો રોટલો ને આ બધાનો સર્જનહાર... ટાંકણાં ને હથોડી વડે જેવો જોઈએ એવો ઈશ્વર ઘડતો માણસ... અમારા સમયમાં દીવાટાણું નહોતું થતું પણ ચૂલાટાણું થતું એવું કહેતા અનિલને સોડમથી મઘમઘતા, માની હથેળીનું વહાલ પીરસતા રોટલાનું સ્થાન રોટલીએ લઈ લીધું એ નથી જચતું. મા ગઈ એની સાથે આટાનો સૂરજ પણ લેતી ગઈ. એ સૂરજના તેજે ભેળું થતું કુટુંબ, એ સહિયારા સુખદુઃખ બધું જ સાથે લેતી ગઈ. પાછળ રહી ગઈ કોરી નાખતી એકલતા. કેટલાં બધાં વર્ષોથી સાવ એકલા જીવતા 'અનિલ'ની એકલતાનો દઝાડી દે એવો સ્પર્શ ઘણા નિબંધોમાં અનુભવી શકાય છે. ઘરમાં બધાની વચ્ચે રહેતો માણસ એકલો નથી હોતો એવું કોણે કહ્યું ? સફરના સાથીઓ એક પછી એક સાથ છોડતા ગયા... રહી ગયા એકલા અનિલ... કદાચ આ એકાંતે જ એમનામાંના નિબંધકારને સંકોર્યો હશે ! અહીં જે પ્રગટ થયું છે તે નિજમાં ડૂબ્યા પછીનું લાધેલું જગત છે. સ્મૃતિમાં કુબેર ભંડારી ઉધાર માગે એટલું બધું ભર્યું છે. કોઈ એક કાળે આ બધું જિવાયું હતું પણ જેમ જેમ મોટા થતા ગયા, જિંદગી પલોટાતી ગઈ એમ એમ અંદરથી કેટકેટલું મરી ગયું ? અનિલ કહે છે : 'મારામાં નિરુપદ્રવી, અહિંસક આદિમ ઉત્સુકતા, હર્ષ-ઉલ્લાસ, ઊભરા, ઉત્તેજક માનસિક તાગ... બધું જ મરી પરવાર્યું છે' (૩૩). મારામાં કેટકેટલું મરી ગયું છે એ જોઈને મૂગો થઈ જાઉં છું એવું કહેતા અનિલ બાળપણના એક પ્રકારના વિસ્મયોના મૃત્યુની વાત કરે છે. આ બધા મૃત્યુની પીડા કારમી જ હોય. અનેક પ્રકારના વિસ્મયોના મૃત્યુની સ્મૃતિમાં શોકસભા ભરાય છે ત્યારે અનાયાસ અનેકની જિંદગીની પીડાને વાચા મળી છે. વિસ્મયના મર્યા પછી બધું યાંત્રિક થઈ જાય છે કારણ કે વિસ્મય સાવ સામાન્ય ઘટનાને પણ ઓજસ્વી બનાવે છે. આ વિસ્મયના મરી જવાને કારણે જ ટી.વી., ફિલ્મ, હોટલ જેવા મનોવિનોદના સાધનો ઊભાં કરવાં પડે છે એવા તારણ પર જઈ ચડતા અનિલ સાવ સહજભાવે કેટલી મોટી વાત કરી દે છે : 'ઈશ્વરે એક શરત કરેલી છે : જગતના તમામ પદાર્થો, ઘટનાઓમાં રસ રહેલો છે, પણ તમે એમાં તમારો રસ ન ઉમેરો તો પૂર્ણ રસ બનતો જ નથી. જિહ્વામાંથી રસ ન છૂટે તો મીઠાઈ પણ મોઢામાં જતી નથી. આ લીલામય જગત રસપ્રચુર છે પણ આપણો રસ સુકાઈ ગયો હોય તો બધું નીરસ છે. દર્દીને લોહી, ગ્લૂકોઝના બાટલા ચઢાવવામાં આવે છે તેમ મનોવિનોદ, મનોરંજનના બહારના પૂરક પ્રજીવકોની વ્યવસ્થા થઈ છે.' (૫૫)

વયોવૃદ્ધ, એકલા, સફરના સાથીઓ વગરના અનિલ મૃત્યુ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતાં કહે છે : 'મારા મૃત્યુની વાટ કેવી તો વિકટ હશે કે હજી આટલાં વર્ષ પછી એ મારા સુધી પહોંચ્યું નથી.' પછી ઉમેરે છે : '... જીવનને તો આપણે આપણી ઇચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓ પ્રમાણે ચલાવીએ છીએ... મને તો મૃત્યુ સિવાય અહીં કશું જ સ્વતંત્ર નથી લાગતું. આટલાં વર્ષેય એ મારા સુધી ન પહોંચ્યું એ એની સ્વેચ્છા, સ્વતંત્રતા. કોઈની સ્વતંત્રતામાં માણસે દખલ કરવાની હોય ! એટલે મૃત્યુ વિશે, તેની જેમ મૂગા રહેવું જ સારું ! એને સમાન સ્વભાવના મિત્ર તો લાગીએ !' (૩૬). અનિલના નિબંધોમાં જે ખાલીપો, એકલતા, ઝુરાપો છે તે 'આયુષ્યના અવશેષે' પહોંચેલા, વિજન પથના લગભગ તમામ યાત્રીનો હોવાનો. એ કહે છે : 'તને સાંભરે રે ?' પૂછનાર કોઈ બાળમિત્ર રહ્યો નથી એટલે કોઈ કોઈ ટાણે બહુ એકલવાયાપણું લાગે છે. ... આ સૂનમૂન કેમ બેઠો છે એવું પૂછનાર કોઈ રહ્યું નથી, ચીચોડું પકડીને ઓટલે, શેરીએ અને સૌને અજાણ્યા રાખી પાછલી શેરીમાંથી તાજિયા જોવા કે મેળો જોવા કે છાપરે હૂપાહૂપ કરતાં વાંદરાંને ઘરમાંથી તફડાવેલા કાંદા ફેંકી અધ્ધર ઝિલાવી ખવડાવવામાં સાથ આપનારા રહ્યા નથી. ...પાછળ નજર નાખું છું તો મસાણની રાખમાં થોડાં પગલાં જ દેખાય છે...' (૯૮)

'અનિલ'ના નિબંધોમાં ઇન્દ્રિયરાગ, ઇન્દ્રિયવ્યત્યયની લીલા જરાક ઝીણી નજરે નીરખવા જેવી છે. એ કહે છે : 'ધુમાડાનો સ્વાદ માત્ર મારી જીભે જ નહિ, મારી આંખે પણ લીધો છે ! ધુમાડાનો સ્વાદ જીભ કરતાં આંખને વધારે ! મરચું મોંમાં જાય અને આંખ ભીની થાય પણ આંસુનો ખારો સ્વાદ તો જીભને જ આવે. સાંજે ભૂખી આંખે રાંધણિયે ભરાઈએ ત્યારે આંખ ધુમાડાનો કડવો સ્વાદ અચૂક માણે ! (૦૮). ઘરનો આ કડવો ધુમાડો જ્યારે સામાજિક બની શહેર આખામાં ધૂંધવાય છે ત્યારે અનિલ સ્તબ્ધ બની જાય છે. બાબરી મસ્જિદનાં માળખાં તૂટ્યાની સૂરત શહેરમાં જે અભૂતપૂર્વ પ્રતિક્રિયા પડી હતી ત્યારે એકસાથે અનેક ઠેકાણે આકાશગામી ધુમાડાના ગોટેગોટા જોતા અનિલ લખે છે : 'આ શહેર રાખ થઈ જશે કે શું એવી દહેશત આંખ અને હૈયે હતી ! મારે પાગલપણું જોવા પાગલખાને નથી જવું પડ્યું. મેં ઘરના રવેશમાં ઊભા રહી સ્તબ્ધ નજરે વિશાળ પાગલ શહેર જોયું...' (૧૦).

અનિલે એમના એક નિબંધમાં લખ્યું છે : 'અનુભૂતિનો સાર્થ અનુવાદ કરી શકે એવી ભાષા શોધવી હજી બાકી છે.' (૯૪). આમ જોઈએ તો શાસ્ત્રની દૃષ્ટિએ એમની આ વાત સાચી છે પણ અહીં એવાં કેટલાંય રસસ્થાનો છે જ્યાં અનિલ માધ્યમ-ભાષા-ની શક્યતાને તાગી શક્યા હોય. એમની અનાયાસ સર્જકતા અનેક વાર માધ્યમની મર્યાદાને અતિક્રમવાની મથામણમાં સફળ રહી છે. 'કબૂતર', 'ચકલી' જેવા નિબંધોમાં પક્ષીઓની ગતિવિધિનું, નેવાના પાણીની ધારનું, શેરીમાંનાં બાળકોની લીલાનું વર્ણન વાંચનાર અનિલની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ પર વારી જશે. 'વિષાદ' કે 'ઓતરાદો પડછાયો' કે 'એકાંત' જેવા નિબંધો સર્જક અનિલની ઊંચાઈનો ગ્રાફ દોરી નાખે છે. અમૂર્ત જગતને નક્કર રૂપ આપવામાં અનિલ માહેર છે. એ કહે છે : 'અનુભૂતિ અને સાક્ષાત્કાર શબ્દો તોફાન અને પ્લેગના દિવસોમાં 'આત્મસાત' થયા. અનિલને એકાંત, ભય, પવન... આ બધું ઈશ્વર જેવું લાગે છે. અનુભવ્યા છે પણ દેખાતું નથી. એ કહે છે : 'પવન એ બીજો ઈશ્વર છે... પવનનું શરીર ન દેખાય પણ એનાં અદૃશ્ય પગલાં દેખાય ! ખેતરના ઊભા લીલાછમ મોલ પરથી પસાર થાય છે ત્યારે મોલ પવનના પગ પડતાં નમે છે અને આગળ જાય એટલે ફરી ટટાર થઈ જાય છે. એનાં આગળ પડતાં પગલાં નીચા, ઊંચા થતા મોલમાં દેખાય...' (૭૪). પવનને નક્કર બનાવી આપતા અનિલ વિષાદ વિશે કહે છે : 'વિષાદ ચહેરે હોય છે પણ વિષાદનો કોઈ ચહેરો હોતો નથી. ગતિ વિના વ્યાપવાનો ગુણ વિષાદમાં છે એટલે ક્યારેક વિષાદ આકાશ જેવો અનુભવાય છે.' (૧૩૧). અનિલ અનાયાસપણે જિવાતા જીવનના ચાહક છે. કૃત્રિમતા એમને કઠે છે. એમના નિબંધો કદાચ એટલે જ આટલા સાહજિક છે. એમની ફરિયાદમાં આપણે પણ સૂર પુરાવી શકીએ કે સંસ્કૃતિ અને ખાસ તો સભ્યતા આવ્યા પછી કશુંય અનાયાસ ક્યાં રહ્યું છે ! 'કોઈ પક્ષીની પાંખ પર પ્રકાશ કે આકાશનો બોજ દેખાય છે ખરો ?' એવો પ્રશ્ન ઉઠાવતા અનિલ સાવ હળવી વાત પરથી ગંભીર વાત પર જઈ

ચડે છે. આપણા આશય અને અપેક્ષાએ કશું પણ હોય તેવું રહેવા દીધું નથી તેની વાત કરતા કહી બેસે છે : ‘આ સંસ્કૃતિ, સભ્યતા, ધર્મ, કુલીનતાએ કશું જ હોય તેવું રહેવા દીધું નથી. આપણે સહજને જટિલ બનાવી દીધું છે. ચિત્રપ્રદર્શનમાં પારેવાના ચિત્ર પાસે થોભી ગયેલો માણસ જાણતો નથી કે મારી નજીક ક્યારેક અનાયાસ જ કોઈ પારેવું આમ જ આવી બેસે છે. એની મણકાની આંખે જુએ છે અને એની પાંખો ઊઘડું ઊઘડું થઈ રહી છે... જીવન સહજ, સાહજિક, હોય તેવું નથી રહેવા દેવામાં આવતું ત્યારે આપણને કોઈ પુસ્તક પાસે, ચિત્રપ્રદર્શનમાં, કોઈ વક્તા પાસે જવું પડે છે, આરોગ્ય કથળ્યું હોય, અસહજ થઈ ગયું હોય ત્યારે દવાખાને જઈએ છીએ તેમ...’ (૭૯). કારણ એટલું જ કે આપણે જે ‘હોય’ તેને સ્વીકારવાને બદલે ‘આવું હોવું જોઈએ’ની અપેક્ષા રાખીએ છીએ.

ગિરનારનાં પાંચ વર્ષ અંદર એવા ને એવા જીવે છે એટલે જ એના વિશે આટલા બધા નિબંધો મળે છે અનિલ પાસેથી. અનિલ જંગલની ચાંદની વિશે લખે છે : ‘બારીની જાળીમાંથી જોઈએ તો બહાર કીડી ચાલે તોય દેખાય એવી ચાંદની હોય.’ (૧૪૧). એક રાતે બારણાને અઢેલીને બેઠેલા સિંહને ઊંચા જીવે આખી રાત ડણકતો સાંભળ્યો ત્યારે ‘શરીરે રોમ છે, વળી તે રાત હોવા છતાં સૂતેલા નથી, પણ ટટ્ટાર ઊગેલા ને ઊભેલા છે એનો સાક્ષાત્કાર એ રાત્રે જ થયેલો’ એવું કબૂલે છે. (૧૪૧). જીવનના એક પડાવ સમા ગિરનારને કદી ભૂલી નહીં શકતા અનિલ કહી બેસે છે : ‘ગિરનારમાં અંતરે રોપાયેલું ઝાડવું લીલુંછમ છે, એના પર બપૈયો બેસી ગાઈ ગયો છે, ડુક્કર શરીર ઘસી ગયાં છે, સિંહે એના છાંયડે આરામ કર્યો છે, એના મૂળ આગળના દરમાં સાપે વાસ કર્યો છે... એનાં મૂળ ઊંડાં છે, થડ છેદો તોયે ફરી અંકુર ફૂટવાના ને વૃક્ષ ઊગવાનું... આ શહેર એના થડને કાપે છે છતાં ગિરનારનું જંગલ અને ગિરનાર અસ્તિત્વમાં ઊગ્યા જ કરે છે, ટૂક પરથી ખીણમાં ગબડ્યો છું અને મને ગબડતો જોઈ રહેલો, શિખરે ઊભો જોઈ રહેલો પણ હું જ છું...’ (૧૩૮). આટલાં બધાં વર્ષોનો નગરવાસ પણ સ્મૃતિના આ લીલાછમ ઝાડને વહેરી શક્યો નથી એની પ્રતીતિ આ નિબંધો કરાવે છે.

અનિલ પાસે સમય વિશે કેટલું બધું કહેવાનું છે ? એ જરા ઝીણી નજરે અવલોકવા જેવું છે. પક્ષીઓની ગતિવિધિનું સૂક્ષ્મ નજરે અવલોકન કરતા એ કહે છે : ‘કોઈનો સમય પસાર થતો ન હોય તેમણે પક્ષીઓ અને પશુઓના મુખભાવનો અભ્યાસ કરવો જોઈએ ! સમય તો શું આખી જિંદગી પસાર થઈ જશે !’ (૪૧). જોકે સૌથી મોટો સવાલ આજે એ છે કે આવો સમય આજે સાવ નવરાઓ પાસે પણ છે ખરો ? ટી.વી.નું ડબલું આજે બધાના સમયને ઓહિયા કરી રહ્યું છે. જુવો તો ખરા જરા અનિલ આ અમૂર્ત સમયને કેવો તો મૂર્ત કરી દેખાડે છે ! એ કહે છે : ‘મેં જૂનાગઢની અડીચડી વાવમાં સમયને પગથિયાં ઊતરીને ટાઢા પાણીમાં જોયો, અનુભવ્યો અને રજકણો ખેરવતા કોટકાંગરે પણ જોયો. કહે છે કે સમય અરૂપ છે, ના; તે તો બહુરૂપી છે. હજારો વર્ષમાં એણે પોતાનાં રૂપનાં, અનેકાનેક રૂપોનાં ચિત્રોનાં આલબમોનાં આલબમો ખડક્યાં છે. સમય રાજાના મહેલમાંયે રહ્યો અને અણમાનીતી રાણીના મહેલમાંયે વિવિધ રૂપે રહ્યો ! ...એ વિજેતાના હુંકાર અને ઘાયલ પરાજિતના કણસાટમાંયે બોલ્યો, સમય વાવનાં પગથિયાં ઊતરે છે અને મિનારે ચઢીને બાંગ પણ પોકારે છે. ... એણે ભાલાની ચમકતી અણી પર સ્મિત કર્યું છે અને અવાજ કરી બંદૂકની ગોળી થઈ કોઈકને વીંધવા ફેંકાયો પણ છે...’ (૮૧). પણ અનિલ જ્યારે એવું કહે કે : ‘ઘૂંટણિયા ભરતો આવ્યો અને હાંફતો હાંફતો ચાલ્યો જવાનો તે કોણ, મારો સમય !’ (૮૨) ત્યારે આ વાત વ્યક્તિની નહીં પણ સમષ્ટિની બની જાય છે.

જેની અર્ધાથી વધારે જિંદગીનાં વર્ષો પર ફાનસનું અજવાળું પથરાયેલું હોય એવા અનિલને ફાનસનો પ્રકાશ પોતીકો લાગે એમાં શી નવાઈ ? એ કહે છે : ‘ફાનસનો પ્રકાશ બત્તીના સ્થિર પ્રકાશ કરતાં હાથવગો, પરિવ્રાજક પ્રકાશ સાથી જેવો લાગે. આ ગ્લોબનો પ્રકાશ તો માથે બેઠેલા વડીલ જેવો છે ! ફાનસ ભાઈબંધ. જોવું હોય એટલું જ બતલાવે. પોતાની આસપાસ આભામંડળ ન રચે, એ પોતીકા માણસ જેવું લાગે... ફાનસે જ સૂચવ્યું કે પોતાની મૌલિક ગંધ રાખીએ તો સ્વતંત્ર મસોતું મળે !’ (૧૩). એ જમાનાના સુધરાઈએ લટકાવેલાં ફાનસ કેવાં ? અનિલ કહે છે : ‘પોતાના અજવાળામાં પોતાને જુએ એવાં...’ (૧૪).

અનિલના નિબંધોમાં આજથી ચાર-પાંચ દાયકા પહેલાંનું સૂરત, એની શેરીઓ, આખેઆખો બંગલો કારીગરવર્ગને જલસો કરવા આપી દેતા ઉદાર હૃદયના શેઠિયાઓના મનની ખમીરી આલેખાઈ છે. શેરીઓમાં રમતા, રખડતા છોકરાઓના આગવા જગતને આલેખતા અનિલ એમાંના એક બની જાય છે. આમ તો માત્ર આઠ જ વર્ષની ઉંમરે માએ (લાચારીના માર્યા) એમને કારખાને પૂરી દીધેલા ત્યારે અનિલ બબડેલા : ‘માત્ર પશુઓ જ અસહાય અને પોતીકી ઇચ્છારહિત હોય એવું કોણે કહ્યું ?’ પણ અમાસની રજા, મેળા કોઈ ને કોઈ નિમિત્તે એમણે બાળપણની મોજ લૂંટાય એટલી લૂંટી જ છે. પોતે માણેલા બાળપણની સમાંતરે આજના સમયને, રિક્ષામાં ખડકાઈને, ટી.વી. સામે ટિચાતા, રમવાનું ભૂલી ગયેલા બાળપણને જોઈને અનિલ કકળી ઊઠે છે. આ મરી ગયેલા બાળપણની પીડા એટલી તો તીવ્રતાથી વ્યક્ત થઈ છે કે એ બધાની બની રહે છે. અનિલ કહે છે : ‘આજે તો બાળકને કારકિર્દી અને કેરિયરનો નકશો આંકીને જ ભણવા મોકલાય છે. માગના આધારે શિક્ષણના કારખાનામાં પુરવઠો તૈયાર થાય છે. (૫૪). જેનાં તોફાનમસ્તીથી શેરીઓ ધબકતી એ શેરી હવે રહી જ ક્યાં છે ? આ બાળકોના તોફાન વગરની ટ્રાફિકથી ખળભળતી શેરીઓ અનિલને સૂની અને ભેંકાર લાગે છે. એ લખે છે : ‘ચોથા વર્ષે તો આ શરીફ બાળકો ગણવેશ પહેરીને લાકડાની હેલ્યની જેમ ઑટોરિક્ષામાં સિંચાઈને જાય છે અને એવા જ સિંચાઈને પાછાં ફરે છે. ઘરનાં નોકર હોય તો યે ‘ઘરકામ’ કરે છે. એટલું ઓછું હોય તેમ ટ્યૂશને જાય છે. મઝા અને આનંદ અમારી બહાર છે એવા અજ્ઞાને ટી.વી. ગેઇમ રમે છે. રમત પણ મારી બહાર છે એવું બ્રહ્મજ્ઞાન એમને મળ્યું છે. વાંસે જ્ઞાનના પોટલાનો બોજ લઈ વાહનમાંથી ઊતરી સીધાં પગથિયાં ચઢી જાય છે.’ (૯૦). હવે બાળકોને રમત પણ અપાવવી પડે છે ! એમ કહીએ કે રમત ખરીદવા જેટલા આપણે શ્રીમંત છીએ એવું ગૌરવ લઈએ ! પણ, રમત ઉપજાવવાની બાળકની સર્જકતાનું શું ?’ (૧૨૦). આ વ્યક્તિગત lossની વાત નથી પણ સામૂહિક lossની પીડા છે. આપણી શિક્ષણપદ્ધતિએ બાળકની જે અવદશા કરી છે, જે રીતે બાળપણને વિસ્મયથી વિખૂટું પાડીને મારી નાખ્યું છે તેની વેદના અહીં વેધક સૂરે વ્યક્ત થઈ છે. જીવનની નિશાળમાં પગ મૂકે એ પહેલાં જ આપણે બાળકને નિશાળની ચાર દીવાલમાં ગોંધી દઈએ છીએ એની પીડા અહીં જરાય મુખર થયા વગર, ઉપદેશકના અભિનિવેશ વગર વ્યક્ત થઈ છે.

– હોમ ડિલિવરીએ તાપીના જળ સાતેક વાર મને મળવા આવેલાં. (૮૫)

– મુશાયરા નિમિત્તે મુંબઈની મોંઘી હોટલમાં ઉતારો મળ્યો ત્યારે આવી ભરાણા જેવું

અનુભવતા અનિલ મમરો મૂકે છે : 'અમે સ્વર્ગસ્થ થઈશું તો અમારી શી હાલત થશે તેની કલ્પનાએ થઈ શકતી નથી.' (૬૫)

– નરસિંહ મહેતાને કનક-કુંડળ વિશે ભેદ ન દેખાયો તો પતાસાં-હારડાં વચ્ચેનો મૂળ અભેદ કેમ ન દેખાયો ? એમનાં મા-બાપે એમની વહુ-કન્યા માટે હોળીએ ખાંડનાં રમકડાં અને હારડાં મોકલ્યાં નહીં હોય ! (૬૪)

ઉપરનોંધી તેવી હળવાશ અનિલના નિબંધોમાં ઠેરઠેર વેરાયેલી છે પણ આ હળવાશની સંગાથે સાવ અનાયાસ, ઉપદેશકના વેશમાં પ્રવેશ્યા વગર જ એમના નિબંધોમાં ચિંતનની પાતળી સરવાણી વહેતી રહે છે. આ ચિંતનનો જરાય ભાર નથી લાગતો કારણ કે એ અનિલના જીવન અનુભવતા નિચોડરૂપે પ્રગટ થયું છે. અનિલ વધુ નથી ભણ્યા એનો એમના નિબંધોને ફાયદો થયો છે. એટલે જ અહીં દુનિયાભરના વિદ્વાનોનાં અવતરણોના લટકણિયાં નથી, દુનિયાને સુધારી નાખવાના ધખારા નથી. 'મને કોણ સાંભળે કે હું ગાઉં ?' એવો વિષાદ પવનને ન હોય – 'અનિલ'ને પણ નથી. ગત જીવનની સ્મૃતિના ખજાનામાંથી નિજાનંદે અનિલે થોડીક લ્હાણી કરી છે. એ નિજાનંદે, 'કંકાવટી'ને ટકાવી રાખવા નિબંધો લખવા રહ્યા કારણ ? 'વૃક્ષને પગભર થયા પછી જીવનભર પગભર જ રહેવું પડે છે' (૭૫) એ વાત અનિલ માટે એટલી જ સાચી છે. પગભર રહેવા – 'કંકાવટી'ને રાખવા માટે પણ એ લખતા રહ્યા છે.

ખોવાઈ ગયેલા જગતમાં આપણે કેટકેટલું ગુમાવ્યું ? કિલ્લોલતી શેરીઓ સૂની થઈ ગઈ, અવળી બીજરેખાઓ જેવી ઓકળીઓ ગઈ અને પથરા જડાયા, પતરાંનાં છાપરાં ગયાં ને સાથે વર્ષારવનું સંગીત પણ ગયું, નેવાંનાં પાણીની અખંડ રૂપેરી ઝાલર ગઈ, 'છાપરે છાપરે મગ વેરાયા' જેવી કહેવત ધાબાના ઘરમાં રહેતી પેઢીને ન જ સમજાય. પતરાં કે નળિયાંનાં છાપરાંમાંથી પૂનમની ચાંદનીના કે સૂરજના પ્રકાશનાં ચાંદરણાં વેરાતાં કે તેજના લિસોટા દેખાતા તે બધું ગયું કહેતા અનિલ કહે છે : 'હવે સિમેન્ટના ધાબે કોઈ નાકોરું નથી એટલે છિદ્ર દ્વારા ચન્દ્ર, સૂર્ય અને મેઘ મારા ઓરડે આવતા નથી.' (૮૫). હવે આ ધાબામાં રહેતી પેઢીના નસીબમાં આ ધ્વનિકાવ્ય અને દશ્યકાવ્ય બેઉ નથી એવું કહેતા અનિલ જાતભાતના ધ્વનિની સરખામણી કરતા કરતા આબાદ રીતે ગતકાળ પાસે આજને મૂકી દઈ શું શું ખોવાઈ ગયું તેની પીડા 'રાગ ગયો અને ધ્વનિ રહી ગયો' કહીને વ્યક્ત કરે છે. અનિલ લખે છે : 'સ્વરકમ્પવાળા કાંસાના ઘંટ ગયા અને સપાટ ધ્વનિના પિત્તળિયા ઘંટ આવ્યા. હવે મંદિરે ઝાલર નથી વાગતી, શંખ નથી ફૂંકાતા, નોબતના ધબાધબ ધ્વનિ આવે છે...' સૂરદાસને યાદ કરી 'યે સંસાર હૈ ફૂલ સેમર કો, ઊડ ગઈ રૂઈ, હાથ કછુ નહીં આયો, રે મન મૂરખ, જનમ ગંવાયો' કહેતા અનિલ કહી ઊઠે છે : 'હવે તો જીવનમાં રાગ રહ્યો હોય તેમ રુદનનો, બાકી તો માત્ર ધ્વનિઓ, અવાજો જ છે.' (૧૬). ત્યારે એક ઘેરો વિષાદ આપણને પણ એની લપેટમાં લઈ લે છે.

સ્મૃતિના સથવારે ઘડીભર ગતકાળને જીવંત કરી લેતા અનિલને માત્ર શેરીઓ જ બદલાઈ છે એવું નથી લાગતું, એ શેરીઓમાં રહેનારા પણ બદલાઈ ગયેલા લાગે છે. વિકરાળ વહેલ મુદ્રા છે. મે માસમાં પીગળતું, બરફના ખંડો તૂટતાં અંદરથી 'અસ્તિત્વ'ની પીડા અનુભવતું માછલી જેવું મહાનગર એ સમયના રસ્તાઓ, કોટ અને શેરીઓને તો ગળી ગયું છે પણ સાથે સાથે એ સમયના ઘરોબા, રખરખાવ પણ બદલાઈ ગયા છે. માણસ બદલાયો છે. એના પરસ્પરના વહેવારો પણ ધરમૂળથી બદલાઈ ચૂક્યા છે. આ નિબંધો દ્વારા ગત જીવનને ફરીથી જીવી લેવા અનિલ બદલાતા જીવનરંગોને, માનવસંબંધોને – સમયની કે વિકાસની ગતિ કહી સ્વીકારી લેવાનો મિજાજ નથી ધરાવતા. અહીં તો જે કંઈ ખોવાઈ ગયું તે બધું સાચવી લેવા જેવું હતું એવો ભાવ જ વધુ જોવા મળે છે.